રજુ તારીખ : ૨૬/૦૫/૨૦૨૬
દાખલ તારીખ : ૨૬/૦૫/૨૦૨૬
ફેંસલ તારીખ : ૧૬/૦૬/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૨૧

**આંક– ૧૦**

---

**ભાવનગરના મે.ફોર્થ એડી. ડિસ્ટ્રીકટ & સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

---

**પરચુરણ ફોજદારી અરજી નં.૯૨૯/૨૦૨૬**

---

**અરજદાર –** (૧) **કમલેશભાઇ રાજુભાઇ રાઠોડ,**
ઉ.વ.૨૩, ધંધો–મજુરી,
રહે. ખેડુતવાસ, મેલડીમાંની ધાર,
હનુમાન દાદાના મંદિર પાસે મફતનગર,
ભાવનગર.
(૨) **સુરેશભાઇ કાવાભાઇ બારૈયા,**
ઉ.વ.૪૨, ધંધો–મજુરી,
રહે. બોરડીગેટ પાસે, ફળી ભગીની દુકાન પાસે,
ખેડુતવાસ, ભાવનગર.
હાલ : બંન્ને જિલ્લા જેલ, ભાવનગર.

**વિરુધ્ધ**

**સામાવાળા– શ્રી સરકાર**

---

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદારો/આરોપીઓ તરફે વિ.વ.શ્રી એસ.બી.કાદરી.
સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રી સી.એમ.પરમાર.
મુળ ફરિયાદી તરફે વિ.વ.શ્રી. એ.એસ.બાવાણી.

---

**:: જજમેન્ટ ::**

(૧) આ કામના અરજદારો/આરોપીઓ તર્ફે ઘોઘારોડ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૬૨૬૦૪૦૯/૨૦૨૬ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૦૯(૬), ૩૨૪(૫), ૩૩૨(બી), ૩૫૧(૩), ૩૫૨, ૩(૫), ૩૧૧ તથા જી.પી.એકટની કલમ–૧૩૫

મુજબના ગુન્હાના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ કરેલ છે.

(૨) સદર જામીન અરજી સંદર્ભે સામાવાળાઓને નોટીસ કરતા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તપાસ કરનાર અમલદારના સોગંદનામા સાથે હાજર થયેલ છે. તેમજ મુળ ફરિયાદી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે. ત્યારબાદ અરજી અનુસંધાને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તથા અરજદારો/આરોપીઓ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદારો/આરોપીઓના વિ.વ.શ્રીને સાંભળ્યા તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, આ કામના અરજદારો/આરોપીઓ તદન નિર્દોષ છે અને કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. ફરિયાદ એક મહિનો અને પાંચ દિવસ મોડી કરવામાં આવેલ છે અને તે માટે કોઇ વ્યાજબી કારણ જણાવેલ નથી. આફટર થોટ ફરિયાદ છે. સામાન્ય છોકરાઓ પતંગ ચગાવતા હોવાની બાબતમાં બનાવ બનેલ છે અને સદર બનાવમાં કોઈ લુંટ થયેલ હોય કે બળપૂર્વક ધાક ધમકી આપેલ હોય કે નુકશાન કરેલ હોય તેવું બનેલ નથી. રાગદ્વેષ રાખી ખોટી ફરિયાદ કરવામાં આવેલ છે. અરજદારો/આરોપીઓ પાસેથી કોઈ રીકવરી ડિસ્કવરી થયેલ નથી. મૂળ ફરિયાદી તર્ફે આ કામે આંક–૦૮ ના લીસ્ટથી તથા અરજદારો/આરોપીઓ તરફે આંક–૦૫ ના લીસ્ટથી સમાધાન અંગેના સોગંદનામાની નકલ રજુ કરવામાં આવેલ છે અને અરજદારો/આરોપીઓને જામીન ઉપર મુકત કરવામાં આવે તો મૂળ ફરિયાદીને કોઈ વાંધો કે તકરાર નથી. અરજદારો/આરોપીઓને જામીન ઉપર મુકત કરવાથી તપાસને કોઈ નુકશાન થાય તેમ નથી. અરજદારો/આરોપીઓ સામે કોઇ પ્રથમદર્શનીય કેસ નથી. અરજદારો/આરોપીઓ અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે અને કયાંય નાસી ભાગી જાય તેવા ઈસમ નથી. ટ્રાયલ દરમિયાન સહેલાઈથી મળી આવે તેમ છે. અરજદારો/આરોપીઓ ઉપર તેમના પરિવારની જવાબદારી છે. જો વધુ સમય જેલમાં રાખવામાં આવે તો તેમના કુટુંબનું જીવન અંધકારમય બની જાય તેમ છે. તેમજ અરજદારો/આરોપીઓને પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. નામ. કોર્ટ ફરમાવે તે તમામ પાલન કરવાની બાંહેધરી આપે છે. તે તમામ સંજોગોમાં, નામ. ઉચ્ચ અદાલત તથા સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓમાં

પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ આ કામના અરજદારો/આરોપીઓને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે. તેમજ સદર ગુન્હાના કામના સહઆરોપીએ અગાઉ પ.ફો.અ.નં.૪૦૯/૨૦૨૬ થી જામીન અરજી દાખલ કરતા તે અરજી અત્રેની નામ. કોર્ટ ધ્વારા શરતોને આધિન મંજુર કરવામાં આવેલ છે અને જામીન મુકત કરવામાં આવેલ છે. તે તમામ સંજોગોમાં આ કામના અરજદારો/આરોપીઓને પેરીટીના ગ્રાઉન્ડ ઉપર પણ જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, અરજદારો/આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ– ૩૦૯(૬), ૩૨૪(૫), ૩૩૨(બી), ૩૫૧(૩), ૩૫૨, ૩(૫), ૩૧૧ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. સદર ગુન્હાના કામના મૂળ ફરિયાદી હાજર રહી સમાધાનની હકીકત જણાવતા હોય, યોગ્ય હુકમ કરવા રજુઆત કરેલ છે.

(૫) અરજી વંચાણે લીધી. તેમજ અરજદારો/આરોપીઓ તરફે આંક–૦૩ અને આંક–૦૫ થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લીધી. તેમજ આંક–૦૮ ના લીસ્ટથી મૂળ ફરિયાદી તરફે રજુ કરવામાં આવેલ સોગંદનામાની નકલ વંચાણે અને ધ્યાને લીધી. આંક–૦૯ થી રજુ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધું. રેકર્ડ ધ્યાને લેતાં, અરજદારો/આરોપીઓ સામે ઘોઘારોડ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૬૨૬૦૪૦૯/૨૦૨૬ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૦૯(૬), ૩૨૪(૫), ૩૩૨(બી), ૩૫૧(૩), ૩૫૨, ૩(૫), ૩૧૧ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. એફ.આઇ.આર. તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, સદર ગુન્હાના કામના ફરિયાદીના ઘરની પાછળ રહેતા આરોપી લાલાજીભાઇ ઉર્ફે કલ્પેશ રાજુભાઇ રાઠોડના છોકરાઓ ફરિયાદીની અગાસીની પાળી ઉપર પતંગ ચગાવતા હોય, જેથી તેઓ પડે તો વાગી જાય, જેથી સારા આશયથી ફરિયાદીએ તેઓને અગાસીની પાળી ઉપર પતંગ નહી ચગાવવાનું કહેતા તેની દાઝ રાખી, આરોપી લાલાજીભાઇ ઉર્ફે અલ્પેશે તલવાર લઇ આવી તથા આરોપી કમલેશ

રાજુભાઇ રાઠોડે લોખંડના પાઇપ લઇ આવી તથા આરોપી સુરેશભાઇ કાવાભાઇ બારૈયાએ લાકડાના ધોકા સાથે ફરિયાદીના ઘરે આવી, ગાળો આપી, ઘરના દરવાજા પર હથિયારોના ઘા મારી, દરવાજો તોડી નાખી, મકાનમાં રહેલ સામાનની તોડફોડ કરી, ફરિયાદીના ઘરમાં તથા ફરિયાદીના ઘરની બાજુમાં રહેતા ફરિયાદીના ભાભી ગીતાબેન મુકેશભાઇ રાઠોડના ઘરમાં આશરે રૂ.૧,૦૦,૦૦૦/- થી વધુનું નુકશાન કરી, અરજદારો/આરોપીઓએ ફરિયાદીને ઢીકાપાટુનો માર મારી , ગળાના ભાગે તલવાર રાખી દઇ, કબાટ ખોલતા તેની સાથેના આરોપી સુરેશભાઇ કાવાભાઇ બારૈયાએ ફરિયાદીના લોખંડના કબાટમાં રહેલ રૂ.૩૦,૦૦૦/- કાઢી લઇ, લુંટ કરી, ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, તેમજ સમાન ઇરાદો પાર પાડવા સારુ આરોપીઓએ જાહેરમાં હથિયારો ધારણ કરી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોવાના આક્ષેપો છે. સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે પરંતુ આ કામે મૂળ ફરિયાદી તરફે આંક-૦૮ ના લીસ્ટથી તથા અરજદાર/આરોપી તરફે આંક-૦૫ ના લીસ્ટથી રજુ કરવામાં આવેલ મૂળ ફરિયાદીનું સોગંદનામું તથા અરજદારો/આરોપીઓ તરફેની રજુઆતો ધ્યાને લેતાં, મૂળ ફરિયાદી અને અરજદારો/આરોપીઓ વચ્ચે સમાધાન થઇ ગયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે અને આ કામના અરજદારો/આરોપીઓને જામીન ઉપર મુકત કરવામાં આવે તો કોઇ વાંધો કે તકરાર નહીં હોવાનું જણાવેલ છે. આ કામના અરજદારો/આરોપીઓ સામે નોંધાયેલ ગુન્હાની તપાસ તથા ટ્રાયલ પૂર્ણ થવામાં સમય લાગે તેમ છે. તે સંજોગોમાં, હાલના અરજદારો/આરોપીઓને જો વધુ સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ-ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. વધુમાં, અરજદારો/આરોપીઓ કુટુંબ કબીલાવાળા જવાબદાર માણસ છે અને અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે. તેમજ અરજદારો/આરોપીઓ કયાંય નાસી ભાગી જાય તેમ ન હોવાનું અને કોર્ટ જે કાઇ શરતો ફરમાવે તેનું પાલન કરવાનું જણાવી, ટ્રાયલ સમયે હાજર રહેવાની ખાત્રી આપતા હોય, તેમજ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા પણ યોગ્ય હુકમ કરવા જણાવેલ હોય, તેમજ સદર ગુન્હાના કામના સહઆરોપીએ અગાઉ ૫.ફો.અ.નં.૪૦૯/૨૦૨૬ થી જામીન મુકત કરવા માટે અરજી કરતા તે અરજી અત્રેની કોર્ટ ધ્વારા મંજુર કરી તેઓને શરતોને આધિન

જામીન મુકત કરવામાં આવેલ છે. તે તમામ સંજોગોમાં, આ કામના અરજદારો/આરોપીઓનો રોલ તથા અરજદારો/આરોપીઓને જામીન ઉપર મુકત કરતી વખતે ધ્યાને લેવા પાત્ર તમામ પાસાઓ તથા અરજદારો/આરોપીઓ સામેના આક્ષેપિત ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઇ તથા નામ. ઉચ્ચ અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં, હાલના તબકકે અરજદારો/આરોપીઓને શરતોને આધિન જામીન મુકત કરવાનું યોગ્ય અને વાજબી જણાય છે. જેથી અરજદારો/આરોપીઓની તરફેણમાં વિવેકાધિન સત્તાનો ઉપયોગ કરવાનું ન્યાયોચિત જણાતુ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામના અરજદારો/આરોપીઓની હાલની રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટેની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી નં.૧ કમલેશભાઇ રાજુભાઇ રાઠોડ તથા અરજદાર/આરોપી નં.૨ સુરેશભાઇ કાવાભાઇ બારૈયાનાઓને ઘોઘારોડ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૬૨૬૦૪૦૯/૨૦૨૬ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૦૯(૬), ૩૨૪(૫), ૩૩૨(બી), ૩૫૧(૩), ૩૫૨, ૩(૫), ૩૧૧ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાના કામે પ્રત્યેક અરજદાર/આરોપીએ રૂા.૨૫,૦૦૦/– (અંકે રુપિયા પચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધિન જામીન મુકત કરવામાં આવે છે.

**શરતો :–**

(૧) અરજદારો/આરોપીઓએ ફરિયાદપક્ષના પુરાવા સાથે સીધી કે આડકતરી રીતે ચેડા કરવા નહીં કે સાક્ષીઓને ધાક ધમકી, પ્રલોભન કે લાલચ આપવી નહીં.

(૨) અરજદારો/આરોપીઓએ કાયદો અને વ્યવસ્થા જાળવવી અને કોઇપણ ગુન્હાહિત કૃત્યમાં પોતાની જાતને સંડોવવી નહીં.

(૩) અરજદારો/આરોપીઓએ તપાસ કરનાર અમલદાર તથા સંબંધિત અદાલત સમક્ષ પોતાનું કાયમી રહેણાંકનું સાચુ

સરનામું રજુ કરવું અને અદાલતની પૂર્વ પરવાનગી વગર સરનામું બદલવું નહીં.

(૪) અરજદારો/આરોપીઓએ પોતાનો તથા જામીનદારનો મોબાઈલ નંબર સંબંધિત કોર્ટમાં આપવો અને તેમાં ફેરફાર થયેથી લેખિતમાં તાત્કાલિક કોર્ટને જાણ કરવી.

(૫) અરજદારો/આરોપીઓએ કોર્ટની પૂર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૬) અરજદારો/આરોપીઓ પાસે જો પાસપોર્ટ હોય તો તેઓએ અસલ પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ન હોય તો સોગંદનામાથી કોર્ટમાં જાહેર કરવું.

(૭) અરજદારો/આરોપીઓએ ચાર્જશીટ થતાં સુધી દર મહિનાની પહેલી અને પંદરમી તરીખે સંબંધિત પોલીસ સ્ટેશનમાં સવારે ૧૧–૦૦ થી બપોરના ૨–૦૦ સુધીમાં ત.ક.અમલદાર સમક્ષ અચુક હાજરી પુરાવવી.

(૩) અરજદારો/આરોપીઓએ નીચેની કોર્ટમાં જામીન આપવાના રહેશે.

(૪) આ હુકમની યાદી સંબંધિત અદાલત તથા પોલીસ સ્ટેશનને કરવી.

આજરોજ તા.૧૬'મી માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તારીખ : ૧૬/૦૬/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
ફોર્થ એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.

Bhavik

UI CODE NO.GJ00693